Re-Accredited Grade "A" by NAAC
(CGPA - 3.05)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પરીક્ષા વિભાગ–૨, બીજો માળ, રૂમ નં. ૨૦૯,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
ફોન નં. ૦૨૮૧- ૨૫૭૬૫૧૧, ૨૫૭૬૦૩૦, ૨૫૭૬૦૪૦
એક્ષ્ટેન્શન નં. ૭૩૪, ૭૬૫ ફેક્સ ન.૦૨૮૧ – ૨૫૮૬૪૧૧
વેબસાઈટ :- www.saurashtrauniversity.edu

**પરિપત્ર :–**

**સંદર્ભ :–** પરીક્ષા વિભાગ–૨ ની તા.૦૨–૦૮–'૧૭ ની નોંધમાં પ્રાપ્ત કુલપતિશ્રીના આદેશ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, પરીક્ષાર્થીઓ દ્વારા ડીઝર્ટેશન / પ્રોજેક્ટ વર્ક યુનિવર્સિટીમાં, કોલેજમાં કે સંસ્થામાં રજૂ કરવામાં આવે છે ત્યારે ડીઝર્ટેશન / પ્રોજેક્ટ વર્ક પાનાની એક બાજુ જ ટાઈપ કરવામાં આવતું હોય છે જેથી કાગળનો બમણો વપરાશ થાય છે, જાળવણીમાં મુશ્કેલી પડે છે, ખર્ચનું પ્રમાણ વધે છે.

સદરહું બાબત ધ્યાને લઈ સંદર્ભ પરની નોંધમાં મળેલ આદેશાનુસાર યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ અન્વયે પરીક્ષાર્થીઓ દ્વારા ડીઝર્ટેશન / પ્રોજેક્ટ વર્ક તા.૩૧–૧૨–'૧૭ સુધી પાનાની એક બાજુ કે પાનાની બંને બાજુ ટાઈપ કરેલ હોય તો સ્વીકારવાનાં રહેશે.

**ભવન, કોલેજ, સંસ્થામાં રજુ કરવાનાં થતાં ડીઝર્ટેશન, પ્રોજેક્ટ વર્ક તા.૦૧–૦૧–'૧૮ થી પાનાની બંને બાજુ ટાઈપ વર્ક કરેલ હશે તો જ નિયમાનુસાર સબંધીત ભવન, કોલેજ, સંસ્થા દ્વારા સ્વીકારવાના રહેશે.**

**યુનિવર્સિટીમાં સબમીટ કરવાના થતા ડીઝર્ટેશન, પ્રોજેક્ટ વર્ક તા.૦૧–૦૧–'૧૮ થી પાનાની બંને બાજુ ટાઈપ વર્ક કરેલ હશે તો જ સ્વીકારવામાં આવશે, તેની સ્પષ્ટ નોંધ લેશો.**

જે અંગેની જાણ માર્ગદર્શકો, પરીક્ષાર્થીઓ તથા સબંધીત તમામને કરવાની રહેશે.

પરીક્ષા નિયામક

નં. પરીક્ષા–૨ / ૧ / ડીઝર્ટેશન ટાઈપ / ૭૫૭ /૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ**
તા.૨૫/૦૮ / ૨૦૧૭

**નકલ રવાના – વેબસાઈટ દ્વારા (યોગ્ય કાર્યવાહી અર્થે)**

- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...
- યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...
- યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુસ્નાતક સંસ્થાના નિયામકશ્રી તરફ...

**નકલ રવાના :– (જાણ સારૂ)**

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
- પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
- એકેડેમિક ઓફિસરશ્રી, એકેડેમિક વિભાગ,
- પી. જી. ટી. આર. વિભાગ